પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, તા.૪થી જુલાઇ, ૨૦૨૬

## ૪૦૦. વિશેષાધિકાર સમિતિની બેઠકઃ–

વિશેષાધિકાર સમિતિની પ્રાથમિક બેઠક, મંગળવાર, તા.૩૦/૦૬/૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલા સમિતિ ખંડ–૨માં મળી હતી. સમિતિની પ્રાથમિક બેઠકની શરૂઆતમાં શ્રી નિરજ ગામીત, સમિતિ સચિવ દ્વારા સૌ માનનીય સભ્યશ્રીઓને આવકારી આ સમિતિમાં નિયુકિત થવા બદલ અભિનંદન પાઠવેલ હતા. તથા સમિતિના માન.પ્રમુખશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ માન.પ્રમુખશ્રીએ સૌ માનનીય સભ્યશ્રીઓને આવકારી, સમિતિએ કરવાની થતી કામગીરી અંગે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. બેઠકના અંતભાગમાં શ્રી નિરજ ગામીત, સમિતિ સચિવ દ્વારા સમિતિએ કરવાની થતી કાર્યવાહીની પ્રક્રિયા અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ચેતન પંડયા**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**